# સેવા સમાચાર

## બીડી કામદાર સંમેલન

બીડી એન્ડ સિગાર એક્ટ નીચે કામદારોની લૉગબુક, રજીસ્ટર, હાજરીપત્રક વગેરે રાખવું ફરજિયાત હોવા છતાં બીડી-કામના કોન્ટ્રાક્ટરો તે રાખતા નથી તેથી ફેક્ટરી ઈન્સ્પેક્ટરે તેમને નોટિસ મોકલી છે. આથી કોન્ટ્રાક્ટરો અને માલિકોએ એક થઈને બેનોને અઠવાડિયાથી કામ આપવાનું બંધ કર્યું છે અને હડતાળ પર ઊતર્યાં છે તેથી સેવાના બીડી-કામદાર સભ્યોનું એક સંમેલન ૩-૧૦-૮૯ના મંગળવારે સાંજે ૪ વાગ્યે ચકુડિયા મહાદેવ, રખિયાલ યોજવામાં આવ્યું હતું.

## તાલીમ યોજના

ઉદેપુરની 'આસ્થા' સંસ્થાએ વર્ધામાં યોજેલ ટ્રેઈનીંગ ઑફ ટ્રેઈનર્સમાં ૨૨મી સપ્ટેમ્બરથી એક અઠવાડિયું તાલીમ આપવા જ્યોતિ જુમાની ગયાં હતાં.